# જ્ઞાતિમૈયા

જ્ઞાતિનું એકમાત્ર અધિકૃત મુખપત્ર

શ્રી સમસ્ત કચ્છી દશા ઓશવાળ જૈન મહાજન — જ્ઞાતિનું કેન્દ્રવર્તી મહાજન

SAMAST MAHAJAN MEDIA COMMITTEE

ઈ-મેગેઝીન • વર્ષ : ૫ • સળંગ અંક : ૨૯૩ • તા.૨૦ જાન્યુઆરી થી ૨૬ જાન્યુઆરી ૨૦૨૪

**Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan**, Room No. 3, Ground Floor, Anantsidhi Jain Mandir, Opp. Badwaik Hospital, 107, L.B.S. Road, Bhandup (West), Mumbai - 78.





# રાપરગઢવારી તીર્થના

# ‘પાર્શ્વશાંતી પ્રાસાદ’ની

# પુનઃપ્રતિષ્ઠા મહોત્સવની પત્રિકા લેખન કંકુ છાંટણા વધાવીને કરાયું

Diamond manufacturers,
Exporter's & Importer's
Exclusive designer jewellery
Dealing with EF - VVS quality
Own manufacturing unit in Mumbai & Chennai

GJF Life Member




# 128, Cathedral Road, No.2, 5 th Floor Crown Court Building, Chennai-600 086.


For Business Queries : 044-4314 1444 / 1555

www.shubhdiamonds.com E.Mail: seema@shubhdiamonds.com

-: શુભેચ્છા સહ :-

માતુશ્રી સરલાબેન ગંગાજર મોમાયા પરિવાર

(ગામ - સાયરા)



જ્ઞાતિ શિરોમણી શેઠશ્રી નરશી નાથા


**-: સંપાદક ગણ :-**

નીશિથ આનંદ દંડ

જયંત વસનજી છેડા

રાજેન્દ્ર મણિલાલ ખોના

પ્રવીણ હંસરાજ લોડાયા

કીર્તિકુમાર ધનજી ધરમશી

ચંદ્રેશ વિરચંદ છેડા



**-: કાર્યાલય :-**

**પોસ્ટ/કુરીઅર પત્રવ્યહાર માટે સરનામું**

**Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan**

3, Anant Siddhi Building, Gr. Floor, LBS Marg, Bhandup (West), Mumbai - 400 078.

**જ્ઞાતિમૈયા હવે નેટ પર....**

http://www.kdosm.org

Email : gyatimaiya2018@gmail.com



**નોંધ :** આ પત્રમાં પ્રકાશિત તથા લેખકોનો સ્વતંત્ર અભિપ્રાય/મંતવ્યો સાથે તંત્રીમંડળ સહમત જ છે એમ માનવું નહીં. તેમજ તેને લગતા લેખો કે કોઈ જાહેરાતોમાં કરવામાં આવતા દાવાઓ/વિધાનો અંગે જ્ઞાતિમૈયા સમિતિની કોઈ જવાબદારી નથી.


## અમારી વાત...

**સંપાદક સ્થાનેથી**

# પૈસા કરતાં પરિવારિક પ્રેમની તાકાત પ્રચંડ હોય છે

પૈસો માણસના સુખના સ્તરમાં વધુમાં વધુ એકથી બે ટકાનો ફેર લાવી શકે છે. પણ બાકી સુખનો વધુ આધાર માણસનું શારીરિક અને માનસિક સારો સ્વાસ્થ્ય અને તેના પરિવારિક સંબંધો અને તેની આસપાસના લોકો સાથેના તેના સંબંધો પર હોય છે.

સંશોધન કર્તાઓ એવું તારણ કાઢ્યું છે કે કોઈપણ દેશની સંસ્કૃતિનો એના લોકોના જીવન પર ખૂબ જ પ્રભાવ હોય છે. જે સમાજમાં ઉદારતાનો સ્તર ઊંચો છે અને એ લોકો વધુ સુખી હોય છે. માનવીના સુખ માટે પૈસો કે આર્થિક સલામતી ચોક્કસ જરૂરી છે એને અવગણી ન શકાય પણ માત્ર પૈસા હોય તો જ સુખી હોઈએ એવું જરૂરી નથી. રિસર્ચ કરનારાઓએ એવું પણ નોંધ્યું છે કે આજે દુનિયાના બધા જ દેશોમાં આવકનો સ્તર ઊંચો ગયો છે. પણ એની સાથે લોકોના સુખનો સ્તર વધ્યો નથી. તેમના સંશોધન દરમ્યાન એક મહત્વની વાત એ જોવા મળી કે માત્ર પૈસો જ સુખી કરી શકતો નથી. પણ પારિવારિક સ્વજનો, સ્નેહીઓ સાથેના સંબંધો જ મોટો ભાગ ભજવે છે. આના કારણેને લીધે સ્કેન્ડિનેવિયા દેશના લોકો દુનિયામાં સૌથી સુખી ગણાય છે. તેમના સુખનું એક કારણ તેમની એક બીજાની કાળજી કરવાની સંસ્કૃતિ અને સૌને સમાન ગણવાના સંસ્કાર છે.

ઘરની કોઈ વ્યક્તિ અચાનક વિદાય લે ત્યારે દુઃખ થાય એ સહજ ભાવના છે પણ એમના શોકમાં સતત ગુમસુમ રહી અમૂલ્ય સમય વેડફી દેવું એ સાચું નથી. પણ જે વ્યક્તિની હયાતી નથી તેના સારા કાર્યો તેમની સારી વાતો, સારા વિચારો તેની સાથેના સાંનિધ્યની સોનેરી ક્ષણોની સ્મૃતિને સતત જતનપૂર્વક જાળવીએ, ઉજાગર કરીએ અને એ વ્યક્તિ સતત આપણી સાથે છે, આપણી વચ્ચે છે એનો અસ્તિત્વનો આમ સુક્ષ્મ રીતે સ્વીકાર કરીને જીવીએ તો એનાથી સતત પોઝિટિવ સ્પંદનો જાગે અને આપણો ઉત્સાહ બમણો કરે. જે વ્યક્તિની હાજરી અત્યારે આપણી વચ્ચે નથી. તેનો ઝિંદાદિલ મિજાજ અને નિજાનંદ ભરી યાદો સૌને વધુ ને વધુ પ્રેરિત કરવાની છે. આવું પારિવારિક ખુશખુશાલ બોન્ડિંગ પરિવારના નાના મોટા સૌની માટે એક અલગ સાતત્ય બની રહે છે. આવું નિર્વ્યાજ સ્નેહ સ્મૃતિ સૌની હામ અને પ્રેરણા આપી ઉત્સાહ વધારી શકે છે.

આજે ઘરના સભ્યો વ્યવસાયિક તાણ તંગદિલીમાં એક બીજાની હાજરીમાં પણ તણાવ ભર્યા રહેતા હોય છે. સોશ્યલ મિડિયામાં વ્યસ્તતાને કારણે એકમેકની હાજરી પણ નોંધી શકતા નથી કે પ્રેમાળ નજરથી નિરખી શકતા નથી. માત્ર લાચારીને કારણે સાથે રહેવા મજબૂર હોય છે. એવા સંજોગોમાં સુખી માહોલ કેવી રીતે સર્જાઈ શકે? એક તાંતણે બંધાયેલો પરિવાર મુસીબતની કે દુઃખની પળોમાં એકઝુટ રહી શકે છે. માટે જ ભૌતિકપરિબળ કરતાં પારિવારિક પ્રેમ અને પ્રાથમિક સામાજિક સંબંધો પ્રચંડ તાકાત આપી શકે છે.

– જય જ્ઞાતિમૈયા

# ના પાડવાનું શીખીએ

## સેક્રેટરીના બે બોલ..



નીશિથ દંડ
(સેક્રેટરી જનરલ)

કોઈપણ મનોરંજન કાર્યક્રમ માણવા જઈએ ત્યારે લોકો સાગમટે હસે, તાળીઓ વગાડે કે આહ્ વાહ મસ્તના પ્રતિભાવ બતાવે છે. પણ આપણે મનને એનાથી વિપરીત પ્રતિભાવ, મંતવ્ય, દર્શાવવાનો મન થાય તો જરૂર કરી શકીએ. સૌનાથી અલગ પણ આપણા મનમાં ઉદભેવેલી લાગણી જરૂર દર્શાવી શકીએ પ્રદર્શિત કરી શકીએ છીએ. પરિસ્થિતિ મુજબ, પ્રસંગોપાત જે પણ લાગણી ઉદ્ભવે એ વ્યક્ત કરવી જોઈએ. એમાં સૌ લોકોની સાથે ન જોડાવું જોઈએ. ગાડરિયા પ્રવાહથી અલગ રહીએ એવું જો આપણું મન કહે તો જરૂર એ પ્રમાણે કરવું જોઈએ. મન ખુશ તો આપણે ખુશ. એટલું જાણી લઈએ કે આપણે જિંદગીમાં બધાને ખુશ ક્યારેય નહીં કરી શકીએ. અન્યોને ખુશ કરવા પ્રયત્નશીલ રહેશું તો અંગત રીતે આપણે આપણી લાગણી વ્યક્ત નહીં કરી શકીશું. સૌ ની બીન જરૂરી વાતોમાં આપણે હા માં હા કહી દેતા હોઈએ છીએ. સૌ કોઈ પોતાના માટે આપણી હા લઈ જાય છે, મંજુરી મેળવી જાય છે. ત્યારે મનમાં સમજવું જોઈએ કે મન ના પાડતું હોય તો તેઓને ના પાડી દેવાની હિંમત બતાવવી જોઈએ. ના પાડવાનો તેમની વાતથી અસંમત થવાનો આપણને અધિકાર છે.

શરૂઆતમાં મનમાં એવી લાગણી થાય કે જો ના પાડીશ તો સંબંધ તૂટી જશે. એવી ભીતિ જરૂર થાય. પણ ક્યાંથી કેટલે સુધી આપણે હદમાં હા મેળવીશું. વિપરીત લાગણી દર્શાવવાથી સંબંધમાં ભંગાણ પડશે સંબંધ તૂટી જશે એવું જરૂર લાગશે પણ જે વ્યક્તિ સાથેનો સંબંધ બોજો લાગતો હોય એ ભારી પડતો હોય તો એનાંથી જલદી છૂટકારો લઈ લેવો જોઈએ. આ મજબૂરી કરાવતા સંબંધોનો જલદીથી અંત આવે એમાં આપણી ભલાઈ સમજવી જોઈએ. આપણી લાગણી તેમને નકારાત્મક લાગે. ના પાડવાથી શરૂઆતમાં થોડીક કડવાશ સર્જાશે પરંતુ સામેવાળી વ્યક્તિ સમજી જરૂર જશે કે ખોટી ખોટી હા માં હા કરવા કરતાં સ્પષ્ટપણે ના પાડી દીધી. એક જ ઝાટકે ના પાડી દીધી અને ખોટો સમય બરબાદ ન કર્યો એ અતિ ઉત્તમ વાત થઈ, છેવટે સારાપણાની ભાવના થવાની એ નક્કી.

મજબૂરીથી કરેલી હા માં અંતરની અનિચ્છા હોય છે. પણ મનની મક્કમતાથી કરેલ નકારથી આવનારા દિવસો સુધરી જશે પણ એ માટે મર્યાદા નક્કી કરી લેવી જોઈએ કે કેટલી હદ સુધી હા પાડવી જોઈએ. કોઈ આપણી 'હા'નો ગેરલાભ લઈ જાય એના કરતાં વહેલાસર નન્નો ભણવાથી ફાયદો થાય છે. જિંદગીમાં અનેક તબક્કાઓ અનેક અઢળક પ્રસંગો આવશે જ્યારે તેમાં ના ને બદલે હા ભણવાથી પરિણામ વિપરીત આવશે જેના પરિણામ આપણને ભોગવવા પડે છે. એનાં કરતાં એકદમ આદરપૂર્વક સન્માનપૂર્વક કહી દઈએ કે આ મારાથી નહીં થઈ શકે. મારાથી જો થતું હશે એમાં ક્યારેય ના નહીં પાડું દિલ રેડી દઈશ પણ જે કામ મારાથી નહીં થઈ શકે તો એ માટે હું પ્રયત્ન પણ નહીં કરૂં આ મારો સ્પષ્ટ નિર્ણય છે.

# ARIHANT BANK
SHRI ARIHANT CO-OP. BANK LTD.
Estd. 1984

## With **LOWEST INTEREST** Rates, we are still very much **Co-operative**

| | | | | |
|---|---|---|---|---|
| HOME LOAN *7.99% (p.a.) | 2 WHEELER LOAN *7.99% (p.a.) | CAR LOAN *7.99% (p.a.) | PRE OWNED CAR LOAN *9.49% (p.a.) | eAUTO LOAN *7.99% (p.a.) |
| COMMERCIAL VEHICLE LOAN *9.49% (p.a.) | PRE OWNED CV LOAN *9.99% (p.a.) | EDUCATION LOAN *8.49% (p.a.) | TRADE LOAN *8.49% (p.a.) | LOAN AGAINST PROPERTY *9.49% (p.a.) |
| MORTGAGE LOAN *7.99% (p.a.) | COMMERCIAL (CRE) LOAN *8.49% (p.a.) | LOAN AGAINST INSURANCE POLICY *7.75% (p.a.) | GOLD LOAN *7.99% (p.a.) | MACHINES LOAN *8.49% (p.a.) |

*ROI linked to the CIBIL score. Terms & conditions apply

**Head Office : GB-10 A&B, Karma Stambh, L.B.S. Marg, Vikhroli (West), Mumbai - 400 083**

| | | | | | |
|---|---|---|---|---|---|
| Bhandup (West) 86526 30381 | Borivali (West) 86526 30390 | Dombivli (East) 86526 30386 | Ghatkopar (East) 86526 30383 | Ghatkopar (West) 86526 30385 | |
| Masjid Bunder 86526 30384 | Matunga 86526 30389 | Mulund (West) 86526 30382 | Thane (West) 86526 30388 | Vashi 86526 30387 | Kamothe 86521 19656 |

## SADA AAPKE SANG, ARIHANT

For More Details, Call Nearest Branch or

**Toll Free : 1800 221 984**

**Working Hours :** 10:30 am to 05:30 pm **(Except Bank Holidays)**



www.arihantbank.com @ ArihantBank

# રાપરગઢવારી તીર્થના 'પાર્શ્વશાંતી પ્રાસાદ'ની પુનઃપ્રતિષ્ઠા મહોત્સવની પત્રિકા લેખન કંકુ છાંટણા વધાવીને કરાયું



તા.૧૩ જાન્યુઅરી શનિવારના સવારે શુભ મુર્હૂતે, સ્વદ્રવ્યથી નિર્મિત 'પાશ્વશાંતિ પ્રાસાદ' રાપર ગઢવારી તીર્થના પુનઃ પ્રતિષ્ઠા મહોત્સવ પ્રસંગે પત્રિકા લેખન પ્રસંગ ગૃહ જિનાલય મંડન શ્રી શાંતિનાથ ભગવાનના સાંનિધ્યે તથા અચલગચ્છાધિપતિ પ.પૂ.આ.ભ.શ્રી કલાપ્રભસાગરસૂરિશ્વરજી મ.સા. અને પ.પૂ.આચાર્ય શ્રી વિજય યોગ તિલક સૂરિશ્વરજી મ.સા.ના આશીર્વાદથી લાભાર્થી પરિવાર માતુશ્રી તારાબેન માણેકજી મોતા પરિવારના મુંબઈ નિવાસ સ્થાને ગામવાસીઓ તથા શ્રેષ્ઠિવર્યોની બહોળી ઉપસ્થિતિમાં શાસ્ત્રીય રીતે કંકુ છાંટણા વધાવીને રંગે ચંગે સંગીતના સથવારે ઉજવાયો.


**જ્ઞાતિમૈયા માટે આપના વ્યક્તિગત તેમજ સંસ્થાકીય સમાચારો ફોટા સાથે મોકલાવો**

**Email : gyatimaiya2018@gmail.com**

**Whats App : 93222 57731**

**Read E-Paper http://www.kdosm.org**

**Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan**

**B-3, Krishna Kunj, Valji Laddha Road, Mulund (West) Mumbai - 400 080.**

!! લાલા તીર્થમંડન શ્રી ચંદ્રપ્રભસ્વામિને નમઃ !!

LALA

# શ્રી લાલા ચંદ્રપ્રભુજી જૈન દેરાસર અને મહાજન ટ્રસ્ટ

મુ.પો. લાલા, તાલુકો - અબડાસા, જી. કચ્છ (ગુજરાત)

દ્વારા આયોજિત





## ૧૧૭મી ધ્વજારોહણ મહોત્સવે

## સ્નેહભર્યું આમંત્રણ







જય જિનેન્દ્ર !

સહર્ષ જણાવવાનું કે, દેવાધિદેવ, શ્રી ચંદ્રપ્રભસ્વામિ જિનાલયે, વર્તમાન અવસર્પિણી કાળના ૮માં તીર્થંકર શ્રી ચંદ્રપ્રભસ્વામિની દિવ્યકૃપા લાલા ગામે વરસી રહી છે. સોનામાં સુગંધ ભળે તેમ **દીર્ઘ સંયમી, અત્માનંદી, પ.પૂ.સાધ્વી શ્રી મહોદયશ્રીજી મ.સા.** આદિ ઠાણા-૭, ૧૧૭મી ધ્વજારોહણે લાલા તીર્થે પધારી રહ્યા છે. બે દિવસીય ધ્વજારોહણ મહોત્સવે આપશ્રી સહપરિવાર, રાણપરવાસી તેમજ નિયાણી બહેનોને પધારવા ભાવભર્યું આમંત્રણ છે.

ગયા વર્ષે જિનાલય જીર્ણોદ્ધાર તેમજ અતિથિભવન નૂતન નિર્માણ કરવામાં આપ સહુનો સુંદર સહયોગ સાંપડ્યો. નિયાણી બહેનોએ પણ ૧૧૬મી જાજરમાન ધ્વજારોહણ કરી પ્રસંગને યાદગાર બનાવ્યો. તે દ્રશ્યો આજે પણ સ્મૃતિચિન્હ સ્વરૂપે માનસપટલ પર અંકિત છે. આપશ્રી સહપરિવાર પધારી પ્રસંગની શોભા અવશ્ય વધારશોજી.

**કાર્યક્રમની રૂપરેખા:**

**વિક્રમ સંવત ૨૦૮૦, મહા સુદ-૪, સોમવાર, તા. ૧૨.૦૨.૨૦૨૪ના શુભ દિને**

સવારે ૯:૦૦ કલાકે **પ.પૂ.સાધ્વી શ્રી મહોદયશ્રીજી મ.સા.**
આદિ ઠાણા-૭ ભવ્ય સામૈયું અને પૂજ્યશ્રીનું **માંગલિક પ્રવચન**
સવારે ૧૧:૦૦ કલાકે **મુમુક્ષુ કુ. પૃથ્વાનો વરસીદાનનો વરઘોડો**
બપોરે ૧૨:૩૯ કલાકે **૧૮ અભિષેક પૂજન**
રાત્રે ૭:૩૦ કલાકે **શ્રી કુમારપાળ મહારાજાની મહાઆરતી**
રાત્રે ૮:૩૦ કલાકે **ભક્તિ ભાવના** સંગીતના સથવારે

**વિક્રમ સંવત ૨૦૮૦, મહા સુદ-૫, મંગળવાર, તા. ૧૩.૦૨.૨૦૨૪ના શુભ દિને**

સવારે ૯:૦૦ કલાકે **સત્તર ભેદી પૂજા**, શુભ મુહૂર્તે **૧૧૭મી ધ્વજારોહણ**
લાભાર્થી પરિવારના વરદહસ્તે **ચબુતરાનું ઉદ્દઘાટન**

પુણ્યાહં! પુણ્યાહં!!
પ્રિયંતામ્! પ્રિયંતામ્!!



**સંગીતકાર:**
**શ્રી કિશોર સંઘાર અને સાથી કલાકારો**
(કોડાય - કચ્છ)ના સથવારે

**મુમુક્ષુરત્ના કુ. પૃથ્વા સેતુલકુમાર શાહ** (ભલાસરા-સુરત)
**માતૃશ્રી સુંદરબેન ભવાનજી મેશેરી (લાલા)**ની પરદોહિત્રી જેઓ નજીકના સમયમાં દીક્ષા અંગિકાર કરશે તેનો ભવ્ય વરસીદાનનો વરઘોડો રહેશે.

૧૧૭મી ધ્વજારોહણ સહ વસંતપંચમીના સંપૂર્ણ દિવસની સાધર્મિક ભક્તિના લાભાર્થી

### માતૃશ્રી નિર્મલાબેન કુંવરજી લાલકા પરિવાર (લાલા-વડોદરા)

ચબુતરાના લાભાર્થી

### માતૃશ્રી નવલબેન જેઠાભાઇ દંડ પરિવાર (લાલા-અંકલેશ્વર)

**વિશેષ નોંધ:**

૧) આપશ્રીના આગમનની આગોતરી નોંધ મહાજનશ્રીને જરૂરથી જણાવશો. જેથી આપશ્રીની સુચારૂ વ્યવસ્થા થઇ શકે.
૨) લાલા તીર્થે ઉતારાની વ્યવસ્થા મહાજનશ્રી દ્વારા સામૂહિક ધોરણે રહેશે.
૩) સવારની નવકારશી, બપોરની સાધર્મિક ભક્તિ અને સાંજનું ચોવિહારની વ્યવસ્થા જૈન સમાચારી પ્રમાણે સમયસર રહેશે.

લિ.

**શ્રી લાલા ચંદ્રપ્રભુજી જૈન દેરાસર અને મહાજન ટ્રસ્ટ** વતી
**સર્વે ટ્રસ્ટીગણ અને વ્યવસ્થાપક સમિતિના સર્વે સભ્યો**

# સંજીવની કેસ નં. ૧૨૭ નવજાત પ્રિમેચ્યોર બાળક માટે રૂા.૩.૮૫ જમા થઈ જતા કેસ બંધ કરાયો

Samast Mahajan, Sanjivani Initiative

## CASE No.: 127

KDO

## DONATION NEEDED!

### Baby of Anita Kaushik (Poladia)Shah

**Dombivli, Bayath**

**Premature baby, grappling with respiratory distress syndrome, required NICU admission on birth.**



KDO SANJIVANI

**DONATION REQUIRED**

**Rs.3.85 Lakh**

**Bank Details:**
**Name:** Shri Samasta Kutchi Dasa Oswal jain Mahajan
**Bank :** Bank of Baroda **Branch :** Mulund (West)
**A/c.:** 99630100021765
**IFSC:** BARB0DBMULW **MICR :** 400012272

**Shri Samast KDO Jain Mahajan Medical Committee**

**80G Registration number**
**AANTS1160JF20212**

**Avail tax benefit under section 80G.**
*Submit Aadhar & Pan card Copy.
**In case of Mobile/NEFT Transfer, kindly forward transfer details on 75060 70851**

બાયઠ-ડોંબિવલીના શ્રીમતી અનિતા કૌશિક શાહ પોલડીયાને પ્રસુતિ દરમ્યાન પ્રિમેચ્યોર બેબી બાળક અવતર્યો. જેને શ્વસનની તકલીફ હતી જે માટે NICUમાં રાખીને ઈલાજ કરવા જરૂરી હતું. પતિ-પત્ની ટૂંકી આવક ધરાવતા દંપતિ છે. જે માંડ પોતાની માસિક જરૂરિયાતો પૂરતું રડી લે છે. થોડી થકી બચત હતી તે સગર્ભાવસ્થા દરમ્યાન અને ડિલેવરી ખર્ચમાં વપરાશ થઈ ગયા હોવાથી વધુ આર્થિક ખર્ચ વહન કરવું તેમને માટે અતિ દુષ્કર હતું. મેડિકલેઈમનો સપોર્ટ ન હોવાથી નાના શિશુને ૧૮ દિવસ Neonatal Intensive Care Unit NICU તેમના માટે ચિંતા કરાવતા હતો. હોસ્પિટાઈઝને ખર્ચની અંદાજિત રકમ રૂા.૩.૮૫ માટે તેઓએ સમસ્ત મહાજનની મેડિકલ સમિતિની સંજીવની યોજના અંતર્ગત અરજી કરી. જે ક્રાઉડ ફંડિગ માટે મૂકાતા એક અજ્ઞાત ઉદારદિલ દાતાઓ રૂા.૧.૨૧ લાખનો ઉમદા અને દરિયા દિલી ફાળો નોંધાવ્યો. આમ ટૂંકા સમયમાં જોઈતી રકમ જમા થતાં સદર સંજીવની કેસ નં.૧૨૭ ક્રાઉડ ફંડિગમાંથી પાછો ખેંચી લેવાયો છે.

પ્રભુના આશીર્વાદ લઈ અવનીમાં અવતરેલ શિશુ પ્રભુનો પયગામ લઈ આવનાર ઈશ્વરનો દૂત છે. જેની કિલકારી માતા પિતાને હરખ કરાવે છે. પણ દૈવયોગે નવજાત શિશુનું આગમન જ્યારે માવતર માટે પીડા કરાવે છે ત્યારે માવતર શિશુ અવતરણની ખુશી મોકળે મને વ્યક્ત કરી શકતા નથી અને પીડા કોઈની પાસે વ્યક્ત કરી શકતા નથી.

સંજીવની યોજનાના માનવતા લક્ષી ઉદારજનોએ નવજાત શિશુને હેત, હૂંફનો હસ્ત ફેરવી વહાલ જતાવ્યું છે. જે માનવતાનું ઉમદા ઉદહારણ છે, જેની મેડિકલ સમિતિ અનુમોદના કરે છે.

# શ્રી કોઠારા જૈન મહિલા મંડળ દ્વારા ૨૫મા વર્ષની ઉજવણી અનહદ ઉત્સાહ સાથે સંપન્ન થઈ



દીપ પ્રાગટ્ય



કમિટી મેમ્બર



રેડ ટીમ

માતુશ્રી કાંતાબેન ગોવિંદજી અજાણી દ્વારા સ્થાપિત શ્રી કોઠારા જૈન મહિલા મંડળની ૨૪ ડિસેમ્બર રવિવારના ૨૫માં વર્ષની ઉજવણી ખૂબ જ સુંદર રીતે કરવામાં આવી હતી ઉજવણી ફક્ત મહિલા મેમ્બરો માટે નહીં પણ કપલ સાથેની ઉજવણી હતી. મંડળના સદસ્યોએ ભારે ઉત્સાહ અને સુંદર વસ્ત્રો (જે તે ગ્રુપને અનુલક્ષીને) ધારણ કરેલ, કમિટી મેમ્બરોએ હુંફાળા પ્રેમથી આવકારી ભેટ આપી હતી.



દિવ્યા લોડાયા અને શિલ્પા લોડાયા






કાંતાબેન ગોવિંદજી અજાણી




મુખ્ય દાતા

**૨૫ વર્ષની ઉજવણી નિમિત્તે મળેલ દાતાઓની યાદી :**

૧) શ્રીમતી લીલાવંતીબેન મણિકાંત અજાણી સાધાર્મિક ભક્તિના દાતા
૨) માતુશ્રી કાનતાબેન ગોવિંદજી અજાણી પરિવાર રૂ.૧૫૦૦૦.
૩) આહન શીતલ ભોમિક લોડાયા ૧૧૦૦૦.
૪) શ્રી કોઠારા જૈન મિત્ર મંડળ ૧૧૦૦૦.
૫) લીનાબેન રાયચંદ લોડાયા ૫૦૦૦.
૬) દીનાબેન નલિન અજાણી કુનાલ
તથા તનવીના લગ્ન નિમિત્તે ૨૫૨૫.
૭) હર્ષાબેન પ્રતાપભાઈ ધરમશી ૨૫૦૦.
૮) હીનાબેન જયેશ જૈન ૨૧૦૦.
૯) અનિતાબેન ઝવેરચંદ ધરમશી ૨૧૦૦.
૧૦) રક્ષાબેન મયુર શાહ ૨૧૦૦.
૧૧) હંસાબેન ચંદ્રકાન્ત લોડાયા ૨૧૦૦.
૧૨) જનકભાઈ હિરજી ધરમશી ૨૧૦૦.
૧૩) ધનબાઈ લખમશી મોતા, વિજયાબેન વિજય વિકમશી
તથા હેતલબેન ગિરીશ ધરમશી ૨૧૦૦
૧૪) મૃદુલાબેન દિનેશ દંડ ૨૦૦૧
૧૫) દક્ષાબેન ખિરણ લોડાયાના ઘરે
પૌત્ર પૂર્વના જન્મ નિમિત્તે ૧૧૦૦
૧૬) મીતાબેન મહેશ લોડાયા ૧૧૦૦
૧૭) ભક્તિ સંજય પીલ્લઈ ૧૦૦૦

# શ્રી કોઠારા જૈન મહિલા મંડળ દ્વારા ૨૫મા વર્ષની ઉજવણી અનહદ ઉત્સાહ સાથે સંપન્ન થઈ



સંપૂર્ણ ટીમ મેમ્બરો



કલ્પનાબેન ધરમશી

કાર્યક્રમની શરૂઆત શિલ્પા લોડાયા અને દિવ્યા લોડાયા દ્વારા નવકાર મંત્ર તથા સ્વાગત ગીતથી કરવામાં આવેલ.ત્યારબાદ દિપ પ્રાગટ્ય કરવામાં આવેલ. ત્યારબાદ પ્રમુખ શ્રીમતી પૂજાબેન લોડાયા તથા કલ્પનાબેન ધરમશી દ્વારા ૨૫ વર્ષના અહેવાલ વિશે જણાવવામાં આવેલ. શ્રીમતી જ્યોતિબેન જીતેન્દ્ર ધરમશી દ્વારા જેઓ સળંગ ૨૫ વર્ષથી મેમ્બર હતા તેઓને ખૂબ સુંદર થર્મોસ ભેટ આપવામાં આવેલ, તથા દાતાઓને અષ્ટમંગલ ભેટ સ્વરૂપે આપવામાં આવેલ. ચા-કોફીની સાથે ભજીયાની લહેજત માણી, ત્યારબાદ આનંદ કિલ્લોલની પળોમાં અલગ અલગ રમતોની સ્પર્ધા યોજાઈ ધમાલ મસ્તી સાથે મજાઓ માણી અવનવા ઈનામો સાથે હસતા રમતા સાંજના ભોજનની જયાફત આઈસ્ક્રીમ સહ ઉઠાવી હતી. સૌ પ્રમુખ શ્રીમતી પૂજાબેન અને કમિટીનો આભાર વ્યક્ત કરી છુટા પડ્યા.



પ્રમુખ શ્રીમતી પુજાબેન લોડાયા



ગ્રીન ટીમ



યેલો ટીમ



બ્લૂ ટીમ

# ગોએરસમા નગરે જિનાલય પુનઃપ્રતિષ્ઠા મહોત્સવ ઉજવાયો



શ્રી કચ્છી દશા ઓશવાળ જૈન જ્ઞાતિ મહાજન ગોએરસમા-બારોઇ દ્વારા ગોએરસમા નગરે શ્રી ચંદ્રપ્રભુ જિનાલયની પુનઃપ્રતિષ્ઠા મહોત્સવ પ.પૂ.આ.ભ. શ્રી કવીન્દ્રસાગર સૂરીશ્વરજી મ.સા. તથા પૂ. મુ. શ્રી કલ્પતરૂસાગરજી મ.સા. ની શુભ પાવન નિશ્રામાં ધાર્મિક આરાધનાઓ સાથે ઉલ્લાસ-આનંદ-ઉમંગપૂર્વક ઉજવાયો હતો. પૂજ્ય ગુરૂભગવંતશ્રીઓનું વાજતે-ગાજતે સામૈયું કરવામાં આવેલ.

પ્રથમ દિવસે શ્રી સ્નાત્ર પુજા, કુંભ સ્થાપના, અખંડ દિપક સ્થાપના, જવારારોપણ, ક્ષેત્રપાલ દેવસ્થાપન,જિનવાણી, બહુમાન, શ્રી લઘુનંદાવ્રતપૂજન, નવગ્રહ પાટલાપૂજન,



દશદિક્પાલ પાટલા પૂજન, અષ્ટમંગલ પાટલા પૂજન, આરતી-મંગળ દીવો, શાંતિ કળશ, ભક્તિ ભાવના વિગેરે કાર્યક્રમો યોજાયા હતા.

બીજા દિવસે પ્રભુજીનાં અઢાર અભિષેક, વ્યાખ્યાન, પ્રભુ પુનઃપ્રતિષ્ઠા, જિનબિંબ સ્થાપના કંકુ થાપા, અષ્ટપ્રકારી પૂજા, લઘુ શાંતિ સ્નાત્રપૂજન, વ્યાખ્યાન, બુહમાન, આરતી, મંગલદિવો, પ્રભુજીની ભક્તિ ભાવના કાર્યક્રમો યોજાયા હતા. જિનબિંબ સ્થાપનાનો લાભ વિવિધ દાતાશ્રીઓએ લીધો હતો.

પૂજ્યશ્રીનાં ગુરૂપૂજનનાં ચડાવાનો લાભ એકટીવ કાર્ગો મુવર્સ-ગાંધીધામ, કામળી વહોરાવવાનો લાભ દેવશીંભાઇ કચરાભાઇ ડાઘા-ગોએરસમા-નાસિક-અમલનેર પરિવારે જયારે દ્વાર ઉદ્ઘાટનનાં ચડાવાનો લાભ બેબી નૂર નાં જન્મદિન નિમિત્તે નૂર હર્ષ ગોશર પરિવારે લીધો હતો. આ પ્રસંગે ભદ્રેશ્વર તીર્થ ટ્રસ્ટી ઝવેરચંદભાઇ ખોના, વિવિધ સેવાકીય પ્રવૃત્તિઓ બદલ માનવજ્યોતનાં પ્રબોધ મુનવર, જલગામ મૂર્તિપૂજક જૈન સંઘ પ્રમુખ લલીતભાઇનું વિશિષ્ટ બહુમાન કરવામાં આવેલ.

તૃતીય દિવસે વહેલી સવારે વાજતે-ગાજતે જિનાલય દ્વાર ઉદ્ઘાટન કાર્યક્રમ યોજાયો હતો. આ શુભ પાવન અવસરે દેશાવર-મુંબઇ અને કચ્છભરમાંથી બારોઇ,ગોઓરસમા વાસીઓ માદરે વતન પધારી ત્રિદિવસીય મહોત્સવ માણ્યો હતો.

પ્રમુખ અશોકભાઇ પોલડીયા, યોગેન્દ્રભાઇ ગોશર, વિજયભાઇ ગોશર, ભુપેન્દ્રભાઇ ડાઘા, ચંદ્રેશભાઇ ડાઘા, રોહિતભાઇ મોમાયા, રાજેન્દ્રભાઇ ગોશર તેમજ ગોએરસમા બારોઇ દેરાસરનાં ટ્રસ્ટીઓ કેતનભાઇ ગોસર, ધનપતિભાઇ મોમાયા સાથે સમાજનાં સર્વે આગેવાનો, શ્રાવક-શ્રાવિકાઓ, સ્થાનિક ગામવાસી આગેવાનો, શાળા પરિવાર, મુન્દ્રા કે.ડી.ઓ. મિત્ર મંડળ તથા સર્વે કાર્યકર ભાઇ-બહેનો, યુવા ગ્રુપ-મહિલા ગ્રુપ, મહેન્દ્રભાઇ મોતા તથા દાતાશ્રી પરિવારો, આગેવાનોનાં સાથ-સહકાર અને સહયોગથી ત્રિદિવસિય મહોત્સવને ચાર ચાંદ લાગ્યા હતા. સર્વે દાતાશ્રીઓનું બહુમાન કરી આભાર માનવામાં આવેલ. શાસ્ત્રોક્ત વિધિવિધાન કેવલભાઇ સાવલાએ જયારે સંગીતની રમઝટ કિશોર સંગાર એન્ડ સાથી કલાકારોએ જમાવેલ.

# કચ્છ જિલ્લા પત્રકાર હિતરક્ષક સંઘ દ્વારા વિવિધ સેવાકીય પ્રવૃત્તિઓ બદલ પ્રબોધ હીરાચંદ મુનવરનું સન્માન કરાયું



કચ્છ જિલ્લા પત્રકાર હિત રક્ષક સંઘ દ્વારા કચ્છ યુનિવર્સિટી હોલ ભુજ મધ્યે આયોજીત મૂલ્યનિષ્ઠ પત્રકારાત્વ અભિવાદન સમારોહ પ્રસંગે કચ્છ જિલ્લા પત્રકાર હિતરક્ષક સંઘ દ્વારા વિવિધ સેવાકીય પ્રવૃત્તિઓ બદલ પ્રબોધ હીરાચંદ મુનવર કોઠારા હાલે વર્ધમાનનગરનું સન્માન કરતા ગુજરાત વિધાનસભા પૂર્વ અધ્યક્ષા શ્રીમતિ ડો.નીમાબેન આચાર્ય તથા કચ્છ યુનિવર્સિટીનાં કુલપતિ પ્રો.ડો.ડી.એમ.બકરાણીયા તથા અન્ય મહાનુભાવો નજરે પડે છે.

# પ.પૂ.ગણિવર્ય શ્રી રાજરત્નસાગરજી મ.સા. ચંદ્રનગર પાલડીના નવનીત ભવને સ્થિરતા કરેલ છે

તપચક્રવર્તી જિનશાસન શિરોમણિ અચલગચ્છાધિપતિ પ.પૂ.આચાર્ય ભગવંત શ્રી ગુણોદયસાગરસૂરિશ્વરજી મ.સા.ના અંતેવાસી સદાનંદ પ.પૂ.ગણિવર્ય શ્રી રાજરત્નસાગરજી મ.સા.આદિ ઠાણા ૩ ચંદ્ર નગર પાલડી નવનીત ભવન અમદાવાદમાં બિરાજમાન છે. પૂજ્યશ્રીની બે દિવસની સ્થિરતા છે. ભક્તો દર્શન વંદનનો લાભ લઈ શકે છે.

દીક્ષાર્થી રાજેશ ગુલાબચંદ મોમાયા જખૌવાલાની દીક્ષા મહોત્સવની પત્રિકાના કંકુ છાંટણાનો મંગલ અવસર પૂજ્યશ્રીઓ અને ચતુર્વિધ સંઘની ઉપસ્થિતિમાં કચ્છી ભવનમાં રવિવાર તા.૨૧ જાન્યુઆરીના રાખવામાં આવેલ છે.



**જ્ઞાતિમૈયામાં ડિઝીટલ મેગેઝીનમાં જાહેરાતોના દરો**

| પ્રકાર | સાઈઝ | ૧ વખત | ૪ વખત/૧ મહિના | ૧૩ વખત/૩ મહિના | ૨૬ વખત/૬ મહિના | ૫૨ વખત/૧૨ મહિના |
|---|---|---|---|---|---|---|
| આખું પાનું | 155 x 225 mm | 1,000.00 | 3,500.00 | 10,000.00 | 18,000.00 | 35,000.00 |
| અડધુ પાનું | 155 x 110 mm | 800.00 | 3,000.00 | 9,000.00 | 15,500.00 | 30,000.00 |
| પા પાનું | 75 x 110 mm | 500.00 | 1,800.00 | 5.500.00 | 10,500.00 | 20,000.00 |

ચેક SHRI SAMASTA KUTCHI DASA OSWAL JAIN MAHAJAN ના નામે લખવા

# અબડાસાના સુથરી તીર્થે સાધ્વી મહારાજ સાહેબની ચત્તારિ અઠ દસ દોયની આરાધના તપ શરૂ છે



કચ્છ અબડાસા પ્રદેશના સુથરી તીર્થે પ.પૂ.સાધ્વીશ્રી હિતપ્રજ્ઞાશ્રીજી મ.સા.ના ચત્તારિ અઠ દસ દોયની આરાધના ચાલે છે. જેનું પારણું પ્રાયઃ સાંધવ તીર્થ ખાતે આવશે. પૂજ્યશ્રીને ત્રીજી બારીનો ચોથો ઉપવાસ આજે છે. ખૂબ ખૂબ અનુમોદના અણગારની જિનશાસન શણગારની.

# પ.પૂ.ગણિવર્ય શ્રી મ.સા.ની કોંકણ ક્ષેત્રના રામેશ્વર વૈભવ હિલમાં સાડાત્રણ માસની મૌન સાધના


મહારાષ્ટ્ર રાજ્યના કોંકણક્ષેત્ર પાલી ખપોલી રોડમાં રામેશ્વર વૈભવ હિલના નિસર્ગરમ્ય તાડગાંવ ક્ષેત્ર આવેલ છે. અત્રે સાડાત્રણ મહિનાની મૌન સાધના માટે પ.પૂ.ગણિવર્યશ્રી ઉદયરત્ન સાગરજી મ.સા. અને પ.પૂ.યુવામુનીશ્રી ગુણવલ્લભસાગરજી મ.સા. આદિ ઠાણા ૨ની સ્થિરતા છે. સત્સંગ માટે ગુરૂ ભક્તો નિયમિત આવતા રહે છે અને દર્શન, વંદન, વ્યાખ્યાનનો ધર્મ લાભ લે છે. આ સ્થળે વસતા એક વિશાળકાય પ્રાણી પર ગુરૂદેવ કરૂણા વહાવી રહેલ છે.

# પ.પૂ.મુનિરાજ શ્રી કંચન સાગરજી મ.સા. (બાપા મહારાજ) કાળધર્મ પામ્યા

પોષ સુદ ૧૦ શનિવાર તા.૨૦ જાન્યુઆરીના રોજ સાંજે ૬.૪૭ કલાકે નવકાર મંત્રનું સ્મરણ કરતાં પોતાના સંયમ જીવનના ૪૦મા વર્ષે ભુજમાં સમાધિપૂર્વક કાળધર્મ પામ્યા છે.

કાંડાગરાના માવિત્ર દેવકાબાઈ નરશીભાઈ ગાલાના પૂર્વાશ્રમના પુત્ર પ.પૂ.મુનિરાજ શ્રી કંચનસાગરજી મ.સા. (પૂ.બાપા મહારાજ) શીખરજી પાલિતાણા છરી પાલિત સંઘમાં અચલગચ્છાધિપતિ પ.પૂ. આ.શ્રી ગુણસાગરસૂરિશ્વરજી મ.સા.ના હાથે દીક્ષા ગ્રહણ કરી અચલગચ્છાધિપતિ પ.પૂ.આ.ભ.શ્રી ગુણસાગરસૂરિશ્વરજી મ.સા. ના શિષ્ય થઈ સંયમ જીવનનો પ્રારંભ કર્યો હતો.

ગુરૂભક્તોના અંતિમ દર્શનાર્થે શ્રી ભુજ કવીઓ જૈન સંઘ સંચાલિત નવજાત ઉપાશ્રય ભુજ મુન્દ્રા રોડ ભુજ ખાતે રખાયેલ તા.૨૧ જાન્યુઆરી રવિવાર બપોરે ૧ કલાકે માંડવી નવનીત નગર ઉપાશ્રયથી જૈન સ્મશાન, અભવ કલર લેખની પાછળ ભુજ જવા નીકળ્યા.



# અંતરજાળ મહાવીરનગર વિમલનાથ જિનાલયની ૧૧મી વર્ષગાંઠ ઉજવાઈ






આદિપુર અંતરજાળનાં મહાવીરનગર મધ્યે શ્રી વિમલનાથ ગૃહ જિનાલયની ૧૧મી વર્ષગાંઠની ઉજવણી શ્રી અચલગચ્છ જૈન સંઘ આદિપુર દ્વારા પૂજ્ય મુનિરાજ શ્રી ભાગ્યોદયસાગરજી મહારાજ સાહેબ, પૂજ્ય સાધ્વી શ્રી જયધર્માશ્રીજી મહારાજ સાહેબ, પૂજ્ય સાધ્વી શ્રી પુનિતગુણાશ્રીજી મહારાજ સાહેબ આદિઠાણાની શુભપાવન નિશ્રામાં ચર્તુવિધ સંઘની ઉપસ્થિતિમાં ધાર્મિક આરાધનાઓ સાથે કરાઇ હતી.

માતુશ્રી ભચીબાઇ પદમશી ખીયશી લોડાયા હસ્તે અ.સૌ. જયાબેન શાંતીલાલ લોડાયા મુળ ગામ સાયરા હાલે ગાંધીધામ-મુલુંડ પરિવારે સ્વદ્રવ્યથી આ જિનાલયનું નિર્માણ કરાવી શ્રી અચલગચ્છ જૈન સંઘ આદિપુરને અર્પણ કરેલ, ત્યારથી આ જિનાલયની વર્ષગાંઠ નિર્માણ દાતાશ્રી પરિવાર દ્વારા ઉજવાતી આવે છે.

આ પ્રસંગે પૂજ્ય મુનિરાજ શ્રી ભાગ્યોદયસાગરજી મ.સા.એ પ્રાસંગિક ઉદ્‌બોધન કરતાં જણાવ્યું હતુ કે,આપણે પુણ્યશાળી છીએ કે, પરમાત્મા મહાવીરસ્વામિના શાસનને પામ્યા છીએ. ત્યારે સાચા અર્થમાં પરમાત્મા બનીએ. મહાવીરનગરમાં હવે મોટા ઉપાશ્રયની જરૂરત છે. જે માટે દાતાશ્રીઓ દાનની સરવાણી વહાવે.

જિનાલયની ૧૧ મી ધ્વજા રોહણ પ્રસંગે સતરભેદી પૂજા યોજાઇ હતી. ત્યાર બાદ શ્રી વિમલનાથ જિનાલયનાં શ્વેત શિખરો ઉપર ધ્વજા રોહણ કરવામાં આવેલ. આ પ્રસંગે શાસ્ત્રોક્ત વિધિવિધાન શ્રી રાજાભાઇ નંદુએ જયારે સંગીતની રમઝટ નીશાબેન સંઘવી એન્ડ પાર્ટીએ જમાવેલ. અલ્પા મિહિર દયાણીએ ચામર નૃત્યની રમઝટ જમાવેલ.

આ પ્રસંગે શાંતિલાલભાઇ લોડાયા, રોહિતભાઇ સંગોઇ, પારસમલ નાહટા, રાજુભાઇ જૈન, ગીરીશ લોડાયા, સંજયભાઇ જૈન, ચેતના પટેલ, પંકજ પટેલ, રાકેશ ધરમશી, પ્રવિણભાઇ દંડ, હિમાંશુ ગંગર, મણીલાલભાઇ લોડાયા, અરવિંદ મોતા, પ્રતાપ મોતા, કિશોર મોતા, કાંતિલાલ મોતા, મીતેશભાઇ ધરમશી, પ્રબોધ મુનવર, ઝવેરચંદ ખોના, મીનાબેન લાલકા, દિપ્તીબેન ધરમશી, મનીષા લાપસીયા, કલ્પનાબેન મોતા, અલ્પા દયાની, મધુબેન નાગડા, હર્ષાબેન ચુરલા, બીપીન શાહ તથા શ્રાવક-શ્રાવિકાઓ વિશાળ સંખ્યામાં ઉપસ્થિત રહી પ્રભુ ભક્તિમાં જોડાયા હતા. બપોરનું સ્વામિવાત્સલ્ય માતુશ્રી ભચીબાઇ પદમશી લોડાયા હસ્તે જયાબેન શાંતીલાલ લોડાયા પરિવાર દ્વારા યોજાયું હતું.

આ પ્રસંગે અબડાસાના સાયરા ગામે સાધર્મિક ભક્તિ, શ્વાનોને લાપસી, પક્ષીઓને ચણ, ગૌમાતાને ઘાસચારો, માનવજ્યોત સંસ્થા ભુજનાં માનસિક દિવ્યાંગોને મિષ્ટાન સાથેનું ભોજન માતુશ્રી ભચીબાઇ પદમશી લોડાયા હસ્તે જયાબેન શાંતિલાલ લોડાયા પરિવાર દ્વારા યોજવામાં આવેલ.

સમગ્ર વ્યવસ્થા શ્રી અચલગચ્છ જૈન સંઘ આદિપુર તથા કચ્છી દશા ઓશવાળ જૈન જ્ઞાતિ મહાજન ગાંધીધામ, મહેશ લાલકા, લહેરચંદ ખોના, હરીશ ચુરલા, કેતન મોમાયા, મિહિર દયાણી, મહાવીર નગર મહિલા મંડળ તથા સર્વે કાર્યકર ભાઇ-બહેનોએ સંભાળી હતી.

# શ્રી ક.દ.ઓ.જૈન શ્વેતાંબર દેરાસર ટ્રસ્ટ ચાલીસગામના પદ્મ પ્રભ સ્વામી જિનાલયમાં અઢાર અભિષેકની ધર્મ આરાધનાઓ કરાઈ







ખાનદેશ રત્ના શ્રી ચાલીસગામ તીર્થ દ્વારિકા પ.પૂ.સાધ્વીશ્રી જયદર્શિતાશ્રીજી મ.સા. આદિ ઠાણા ૨ની પાવનકારી નિશ્રામાં મહારાષ્ટ્ર રાજ્યના ખાનદેશ પ્રાંતના ચાલીસગામ નગરના શ્રી કચ્છી દશા ઓસવાલ જૈન શ્વેતાંબર દેરાસર ટ્રસ્ટના શ્રી પદ્મ પ્રભ સ્વામી જિનાલયમાં તા.૧૪ જાન્યુઆરી પોષ સુદ ૪ને રવિવારના દિને અઢાર અભિષેકની ધર્મ આરાધનાઓ ભાવપૂર્વક કરાઈ. વિધિકાર શ્રેણીકભાઈ ગાલા તથા ભાવેશભાઈ જૈન અને સમગ્ર ટીમ સાથે ખૂબજ સરસ રીતે ધર્મ રંગત જમત સંગે સર્વે ધર્મ આરાધનાઓ થઈ. જેનો ધર્મ લાભ સંઘના ઉપસ્થિત ભાવિકાજનો એ હોંશપૂર્વક લીધો હતો.





# કોઠારા શાંતિનાથજી જિનાલયની ૧૬૩ મી વર્ષગાંઠ ઉજવાશે



અબડાસા મોટી પંચતીર્થીનાં મુખ્ય સેન્ટ્રલ સમાન કોઠારા તીર્થના શ્રી શાંતિનાથજી જિનાલયની ૧૬૩મી વર્ષગાંઠ મહાસુદ-૧૩ તા. ૨૧-૨-૨૦૨૪ નાં ધાર્મિક આરાધનાઓ સાથે ઉજવાશે.

સતરભેદી પૂજા બાદ જિનાલયનાં શ્વેત શિખરો ઉપર ધ્વજારોહણ કરવામાં આવશે. જિનાલય શણગાર સાથે પ્રભુજીની ભવ્યાતિભવ્ય આંગી રચના કરવામાં આવશે. કમલેશ ગોસ્વામી એન્ડ પાર્ટી સાથી કલાકારો સંગીતની રમઝટ જમાવશે. બપોરનું સ્વામિવાત્સલ્ય માતુશ્રી હીરાવંતીબેન ખેતશી દેવશી દંડ પરિવાર દ્વારા યોજાયું છે. દેશાવર-મુંબઇ-કચ્છભરમાંથી કોઠારાવાસીઓ આ પાવન પ્રસંગે કોઠારા પધારશે.

સવંત ૧૯૧૮ મહાસુદ-૧૩ તા. ૧૨-૨-૧૮૬૨ નાં આ જિનાલયની પ્રતિષ્ઠા થયેલ. શેઠ શ્રી વેલજી માલુ લોડાયા, શેઠ શ્રી શીવજી નેણશી લોડાયા તથા શેઠ શ્રી કેશવજી નાયક દંડે આ જિનાલય બંધાવ્યું હતું.

આ ભવ્ય અને વિશાળ જિનાલયનું જિર્ણોદ્ધાર કાર્ય પુરજોશમાં ચાલુ છે. ભોજનશાળા, અતિથિગૃહ, પાંજરાપોળ વિગેરે મધ્યે  નવનીકરણ કાર્ય ચાલી રહ્યું છે.

# માંડવી અજિતનાથજી જિનાલયની ૧૪૩ મી વર્ષગાંઠ ઉજવાશે



વિકસતા માંડવી શહેરનાં બંદર રોડ મધ્યે આવેલ શ્રી અજિતનાથજી જિનાલયની ૧૪૩ મી વર્ષગાંઠ મહાસુદ-૫  તા. ૧૩-૨-૨૦૨૪ નાં ધાર્મિક આરાધનાંઓ સાથે ઉજવાશે.

સત્તરભેદી પૂજા બાદ જિનાલયનાં શ્વેતશિખરો ઉપર ધ્વજારોહણ કરાશે. આ પ્રસંગે પ્રવિણ ગોર એન્ડ પાર્ટી સાથી કલાકારો સંગીતની રમઝટ જમાવશે.

આ પ્રસંગે સ્વામિવાત્સલ્યનો લાભ સંઘમાતા માતુશ્રી ભારતીબેન ભાગચંદ ધરમશી જૈન કોઠારા-મુલુંડ પરિવારે લીધેલ છે. જયારે રંગમંડપનો લાભ માતુશ્રી મણીબાઇ દેવશી દંડ તેરા હાલે ગોવા પરિવારે લીધો છે.

સવંત ૧૯૩૭ મહાસુદ-૫, ગુરૂવાર તા. ૩-૨-૧૮૮૧ નાં આ જિનાલયની પ્રતિષ્ઠા થયેલ. નિર્માણ અને પ્રતિષ્ઠા કર્તા શ્રી ઠાકરશી વેરશી પાસવીર (પીર) લોડાયા સુથરી વાલા હતા.

માંડવીમાં સમાજનાં માત્ર ૧૧ ઘર ખુલ્લા છે. જે પણ જિનાલયથી દૂરનાં વિસ્તારોમાં આવેલા છે. જિનાલયની આવકનું કોઇ સાધન નથી. આ જિનાલયનાં સાધારણ ખાતાને મજબૂત બનાવવા દાતાશ્રીઓને કરબદ્ધ પ્રાર્થના કરવામાં આવે છે. વધુ માહિતી માટે ભદ્રીકભાઇ પુનશી મૈશેરી મો. ૯૮૨૫૨૨૫૦૩૭ નો સંપર્ક કરવા જણાવાયું છે.

# ઉદાર હાથે સહાય કરો
# અને જ્ઞાતિસેવાનો લાભ લો

KDO JAIN GLOBAL CARD

KDO Swaroj

KDO BUSINESS

KDO SANJIVANI

## 80G સર્ટિફીકેટ
## C.S.R.
CORPORATE SOCIAL RESPONSIBILITY

KDO दिव्यांग

स्वाभिमान

AAWAAS

KDO UDAAN

**For NEFT Transfer**

| | | |
|---|---|---|
| Type of Account | : | Saving |
| ccount Number | : | 002001005497 |
| Name of the Bank | : | Shri Arihant Co-op. Bank Ltd. |
| Branch | : | Mulund (West) Mumbal - 400 080. |
| Name Account | : | Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan |
| For Mobile App Transfer | | |
| Our IFSC Code | : | ICIC00ARIHT |

## શ્રી સમસ્ત કચ્છી દશા ઓશવાલ જૈન મહાજન

# ભાવભીની શ્રદ્ધાંજલિ



**ફુલચંદ જેટસી**
તા.૧૪ જાન્યુ. (ઉ.૯૩)
પરજાઉ-મુંબઈ




**ધનલક્ષ્મીબેન દંડ**
તા.૧૪ જાન્યુ. (ઉ.૭૬)
લાલા-ઘાટકોપર



**હીરાબાઈ ખોના**
તા.૧૫ જાન્યુ. (ઉ.૮૫)
નલિયા-પવઈ



**મિતેનભાઈ નાગડા**
તા.૧૫ જાન્યુ. (ઉ.૬૭)
નલિયા-પુના



**ધનજીભાઈ દંડ**
તા.૧૬ જાન્યુ. (ઉ.૮૫)
સુથરી-ઘાટકોપર



**મોતીચંદભાઈ શિઆલ**
તા.૧૭ જાન્યુ. (ઉ.૮૮)
જખૌ-રાયપુર



**વિશાલભાઈ લોડાયા**
તા.૧૯ જાન્યુ. (ઉ.૩૯)
બાંઢીયા-મુલુંડ (૫)



**માહી ધુલ્લા**
તા. ૨૦ જાન્યુ. (ઉ.૫)
સેવક ભરૂડીયા-જામનગર

**આ કોલમમાં આપના કુટુંબીજનોને આપ વિનામૂલ્યે શ્રદ્ધાંજલિ આપી શકશો. વિગતમાં આપ નામ, ફોટો, ઉંમર અને હાલ વસવાટની વિગત વિનામૂલ્યે આપવામાં આવશે.**

## બેંક અકાઉન્ટની વિગત

### For NEFT Transfer

Type of Account : Saving
Account Number : 002001005497
Name of the Bank : Shri Arihant Co-op. Bank Ltd.
Branch : Mulund (West), Mumbai - 400 080.
Name Account : Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan
For Mobile App Transfer
Our IFSC Code : ICIC00ARIHT

**પૈસા મોકલ્યા પછી બેન્કનો રેફરન્સ નંબર, રકમ તથા તારીખની વિગત અલગથી મોકલવી.**

Draw your cheque in the name of **'Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan'** (and payable at par at Mumbai)

**ચેકથી જાહેરાત ભરનારાઓને ચેક 'Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan' ના નામથી મોકલવો. ચેક at par મુંબઈ હોવા જોઈએ.**



# વતનજા વાવડ ...



– સં. રાજન ચંદે 'ધૂણી'

● આંધ્રપ્રદેશથી સાઈકલ દ્વારા ભારત ભ્રમણ કરવા નીકળેલો ૨૩ વર્ષીય ફાર્મસી કરેલા યુવાન ચૈતન્ય નસિમ્હબુ ગુરમની વિશ્વ વિક્રમ નોંધાવવાના ઈરાદે કોઠારા પહોંચ્યો હતો. અત્યાર સુધી તે ૨૬૦ દિવસમાં ૧૮ હજાર કિ.મી. અંતર કાપી ચૂક્યો છે તેને હજી ૬૨૫ દિવસ જેટલો સમય પૂરો ભારતનું ભ્રમણ કરતાં લાગશે. રોજના ૮૦થી ૧૦૦ કિ.મી. અંતર કાપે છે. પોતાની સાથે જરૂરી એવા સાધન ટેન્ટ, ઈમરજન્સીમાં જમવા બનાવવા માટે ગેસ બોટલ, બેટરી સાથે રાખેલ છે. લોકોને પ્લાસ્ટિકનો ઉપયોગ બંધ કરવાનો સંદેશ આપે છે. તે આ અગાઉ નેલોરથી કન્યાકુમારી ૧૫ દિવસમાં, નેલોરથી પાક બોર્ડર ૫૦ દિવસમાં જઈ આવ્યો છે. આંધ્ર સરકારે તેને આઈકોન એવોર્ડ પ્રદાન કર્યો છે.

● મૂળ ગુંદિયાળી તાલુકા માંડવીના ફરંજદ અને ઘોડાના વેપારથી જાણીતા સુંદરજી સોદાગરે ૧૭૯૦માં નાના ભાડિયા ગામે નિર્માણ કરાવેલા નાગનાથ મહાદેવ મંદિર અને તેની લગોલગ ભઠોરપીરની દરગાહ મિંયા મહાદેવ મંદિર તરીકે લોકોમાં જાણીતું છે. શાહ સુંદરજીએ નાના ભાડિયાના કબ્રસ્તાનમાં આવેલા અપૂજ શિવલિંગની મહાપૂજા કરી તેનાથી મહાદેવ પ્રસન્ન થયા. ત્યારબાદ ઘોડાનો વ્યાપાર અને કુશળ રાજનીતિથી તેઓ એ અઢળક સંપતિ કમાવી અને માન મરતબો તથા રજવાડી ઠાઠ માઠ પામ્યાં. હિન્દુઓ અને મુસ્લિમ વચ્ચે કોઈ ભેદભાવ ન રાખી સુલેહ શાંતિમાં માનતા સરહદી જિલ્લામાં બંન્ને ધર્મો આદર સાથે પોતપોતાના આસ્થા ધામોને પૂજે છે.

● લશ્કરમાં ૬ વર્ષથી ફરજ બજાવતા અને નલિયા, રાજસ્થાન બાદ ભુજમાં વાયુદળના એન્જિનીયર તરીકે સેવા આપતા મૂળ માંડવી તાલુકાના કાઠડા ગામના સામાન્ય પરિવારમાંથી આવતા યુવાના ડૉ.વિશાલ કરશન ગઢવીને એન્જિનીયરીંગ ક્ષેત્રે વિશિષ્ટ કામગીરી કરવા બદલ રાષ્ટ્રપતિ ચંદ્રક માટે પસંદ થયા છે. તેઓએ ઈલેક્ટ્રિક એન્જિનીયરીંગ સાથે પી.એચ. ડી.કરી છે. સંશોધન તેમનો પ્રિય વિષય છે. જેથી ડિફેન્સમાં પણ આ કૌશલ્યનો લાભ મળ્યો છે. તેઓએ ઈલેક્ટ્રિક ક્ષેત્રમાં પોતાની બે પેટન ઊભી કરી રજિસ્ટ્રેશન કરાવ્યું છે તો ત્રીજી પેટન કરવા જઈ રહ્યાં છે. તેમાં ઓટોમેસન સ્વિચ, ટ્રાન્સમિશન લોંગ ડિસ્ટન્સ પ્રોબ્લેમ ઓલ, ઈલેક્ટ્રિક વ્હીકલ સાથે પણ સંશોધન કર્યું છે. તેમના સંશોધન પત્રો કોલેજ ઓફ મિલિટરી એન્જિનિયરીંગ પુના દ્વારા પ્રસિધ્ધ થયા છે.

● માંડવીના મનોરમ્ય બીચની રાષ્ટ્રીય અને આંતર રાષ્ટ્રીય કક્ષાએ આગવી ઓળખ ઊભી કરવા માટે વિન્ડફાર્મ બીચ પર ગુજરાત પ્રવાસન નિગમ દ્વારા ટેન્ટસિટીનું નિર્માણ કરાયું છે. સફેદ રણની તર્જ પર પ્રવાસીઓ કચ્છના દરિયા કિનારાની મજા માણી શકશે. રાત્રિ રોકાણ કરી શકે તે માટે ટેન્ટસિટીમાં પાંચ દરબારી કોટેજ, ૩૧ પ્રીમિયમ કોટેજ, ૨૫ ડીલક્ષ કોટેજ અને ૩ ડોર મેટરી બનાવાશે. ટેન્ટસિટીમાં સ્થાનિક તથા બહારના પ્રવાસીઓ માટે રહેવાની વ્યવસ્થા સાથે બુકીંગ ઓનલાઈન અને ઓફ લાઈન કરાશે. બીચ ઉપર સ્પોર્ટસ એડવેન્ચર, આર્ટ કલ્ચર એન્ટરટેઈમેન્ટ, માંડવીની આજુબાજુના દર્શનીય સ્થળો વિગેરેનો પેકેજમાં સમાવેશ કરાયો છે. અગાઉ ૨૦૨૦માં પણ આવી જ રીતે ટેન્ટસિટી બનાવવામાં આવી હતી પણ પ્રચાર ન થતાં પ્રતિસાદ સાંપડ્યો ન હતો.

● માંડવી તાલુકાના બિદડામાં ઘણા વર્ષોથી આરોગ્ય સેવાનો યજ્ઞ આદરનારા બિદડા સર્વોદય ટ્રસ્ટએ પાંચ કરોડના ખર્ચે રિજ્યુએશન એન્ડ હીલિંગ સેન્ટરનો લોકાપર્ણ કરાયું. ટ્રસ્ટ સંચાલિત કે.એમ.પટેલ આરોગ્ય ધામમાં કાર્યરત તારામતી વેલનેસ સેન્ટરના વિસ્તૃતિકરણ રૂપે આ પ્રકલ્પ હાથ ધરાયો છે. સેન્ટરની એ વિશેષતા છે કે બદલાતી જીવનશૈલીને લીધે અનેકવિધ બીમારીથી પીડાતા શારિરીક વ્યાધિ તેમજ માનસિક તાણ અનુભવી દર્દીઓની સારવાર એલોપેથી દવાનો ઉપયોગ કરાયા વિના પ્રાચીન અને અર્વાચીન પધ્ધતિનો સમન્વય સાધી કરાશે.




# insurancekhoj.com™

**the ultimate stop for insurance™**

#404, BPS PLAZA, DEVI DAYAL ROAD, MULUND (W), MUMBAI - 400080.

90049 99900 / 93221 37737 79771 01415 insurancekhoj@gmail.com

**LOCATIONS : GUJARAT | MAHARASHTRA | MADHYA PRADESH | KARNATAKA**